જન્મદિને વધામણી

જસવંતલાલ નાથાલાલ પટેલ
મો. ૯૩૭૭૯ ૬૮૪૪૮

વીણા અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટ
મો. ૯૮૨૫૮ ૭૧૭૬૭

સોનલબેન દિનેશકુમાર પ્રજાપતિ
મો. ૮૯૮૦૧ ૨૨૪૭૨

જીનલ સંજય પ્રજાપતિ
મો. ૯૯૭૯૨ ૦૨૭૪૭

શીતલ રમેશભાઈ પરમાર
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨

સ્વરા વિશાલ બ્રહ્મભટ્ટ
મો. ૯૮૨૫૫ ૬૯૩૧૩

કાવ્યા જોશી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઇચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સ્પાર્કસ-૨૦૧૬ અંતર્ગત 'ગાંધીનગર કા ડ્રામેબાજ' સ્પર્ધા સંપન્ન

ગાંધીનગરના જન્મ દિને યુવા સંસ્કાર પ્રવૃત્તિ 'લાયન્સ કવેસ્ટ કાર્યક્રમ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨

હરિયાળા ગાંધીનગરના જન્મદિને સેવા-સંસ્કારનું કાર્ય કરતી ઈન્ટરનેશનલ સંસ્થા લાયન્સ કલબ દ્વારા માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં છ કવેસ્ટ્ સેન્ટર ઉદ્‌ઘાટિત કરાયાં હતાં. કવેસ્ટ ચેરમેન ભવન્સ કૉલેજના પ્રિન્સિપાલ નીરજા ગુપ્તાએ કવેસ્ટ અને રીક્વેસ્ટની થિયરી દ્વારા બાળકોને આંતરખોજ દ્વારા સ્વવિકાસ સાધવા જણાવ્યું હતું. આજકાલ ફેસબુકવોલ, ટવીટ્‌રવોલ, વૉટ્‌સઅપવોલ ની સાથે વધુ વાત કરતા યુવાનોને જાત સાથે અને પરિવાર સાથે, સમાજ સાથે સંવાદ સાધવાની શીખ આપી હતી. લાયન્સ પ્રમુખ નિમેષ રાવલે સ્પાર્કસ-૨૦૧૬ની ટીમને વિદ્યાર્થી મહોત્સવના અદ્‌ભુત પ્લાનીંગ માટે અભિનંદન આપ્યા હતા. આજે સંપન્ન થયેલ એકપાત્રીય અભિનય સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જાણિતા નાટ્યવિદ્ હસમુખ મેકવાન અને યુવા દિગ્દર્શક, લેખક, કલાકાર કુંતલ નિમાવતે સેવાઓ આપી હતી. બાળકો-કલાકારોને એકપાત્રીય અભિનયની સુંદર સમજ આપતાં એમણે પોતાની પાસેના તૈયાર ચાલીસ એકપાત્રીય અભિનય શીખવવાની ખાતરી પણ આપી હતી. આજની સ્પર્ધામાં સેકટર-૨૪/૧ ની સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની સોનલ ઝાલા પ્રથમ ક્રમે વિજેતા થઈ હતી. દ્વિતીય ક્રમે શેઠ સી.એમ. સ્કૂલના કુલદીપ ડોડીયા અને જજીસ ચોઈસમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના નાકુલ ખંડેલવાલની પસંદગી થઈ હતી.

આજના કાર્યક્રમનું સુંદર સંચાલન મહર્ષિ રાવલ, રોનાલ્ડ અને પુનિત દ્વારા નાટકીય રીતે કરાયું હતું. ગાંધીનગર લાયન્સ કલબના સેક્રેટરી પદ્મસિહ, ટ્રેઝરર રઘુસિંહ ગોલ, વાઈસ પ્રેસીડેન્ટ પિયૂષ શાહ, પૂર્વ પ્રમુખ ડી.પી. ત્રિવેદી, મોહનભાઈ પરમાર, નટુભાઈ સોલંકી, મમતા રાવલ, લીઓ પ્રમુખ કથન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. સ્પાર્કસ-૨૦૧૬ના દ્વિતીય દિને હાજર રહેલ તમામ શાળાઓના પ્રતિનિધિઓનો આભાર ટીચર જાગૃતિબેને માન્યો હતો. બુધવારે 'ડાન્સીંગ કા સુપરસ્ટાર કાર્યક્રમ સાથે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરાયું છે.

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વર્ષ ૨૦૦૯થી સર્વ નેતૃત્વ - લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિપ્રતિભાના ગુણો વિકસે સાથે-સાથે તેઓ દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ તે છે. દરેક ટ્રેઈનીંગ પ્રોગ્રામના અંતે વિદ્યાર્થીઓ પાંચ દિવસમાં જે પણ શીખ્યા હોય તેનો ઉપયોગ વિવિધ પ્રોજેક્ટ થકી સમાજના જરૂરી લોકોને લાભ થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. જેના ભાગરૂપે સર્વ નેતૃત્વ ટીમ દ્વારા 'રાઈટ ટુ ફૂડ' વિશે જાગરૂકતા અભિયાન કાર્યક્રમનું આયોજન અલગ-અલગ સેશનમાં કડી ખાતે ઈન્ડોર સ્ટેડિયમમાં કરવામાં આવ્યું હતું. એલડીઆરપી મિકેનીકલ વિભાગમાં અભ્યાસ કરતા મનન પટેલ દ્વારા સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી સ્થિત હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા ૨૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્લાઈડ અને વિડીયો પ્રેઝન્ટેશન થકી અન્નનો બગાડ અટકાવવા માટે શું કરી શકાય અને ભોજન થાળી સુધી પહોંચે છે તે માટે કોને કેટલો શ્રમ પહોંચે છે તે અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પોતે અન્નનો બગાડ નહીં કરે અને અન્યોને પણ એમ કરવા સમજાવશે એવી પ્રતિક્ષા પણ વિદ્યાર્થીઓને લેવડાવવામાં આવી હતી. આ અનોખા કાર્યક્રમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય અન્નનો બગાડ ન થાય તે હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પ્રા. દીયજ કલાથીયા, પ્રા. ઝરણા ભટ્ટ, પ્રા. રીનુ અબ્રાહમ, પ્રા. ધવલ મેવાડા અને હોસ્ટેલનાં ગૃહપતિઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી મનન પટેલ, બીનલ પટેલ, આરતી પટેલ અને સર્વ નેતૃત્વ ટીમના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કમ્પોસ્ટ ખાતર બનાવવાની પદ્ધતિનું નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨

આજની આધુનિક ખેતીના યુગમાં જ્યાં ખેડૂતોને ખેતીમાં આવક કરતા ખર્ચ વધી જાય છે ત્યારે ખેડૂતોને ખેતીમાં ખર્ચ ઘટાડી આવક વધારી શકાય તે માટે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા દ્વારા સફળ કમ્પોસ્ટ ખાતર બનાવવાની સાચી પદ્ધતિનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પદ્મશ્રી ડૉ. એમ.એચ. મહેતા, ચેરમેન, ગુજરાત લાઈફ સાયન્સ પ્રા.લી., વડોદરા ઉપસ્થિત રહ્યા હતા. ઓછા સમયમાં અને ઓછા ખર્ચે ઉચ્ચ ગુણવત્તાયુક્ત કમ્પોસ્ટ બનાવી ખેતીમાં વાપરવાથી ખેત ઉત્પાદનમાં વધારો કરી ખર્ચમાં ઘટાડો કરી શકાય છે તેમજ જમીનની ફળદ્રુપતામાં વધારો કરી રોગ-જીવાતોનું પ્રમાણ ઘટાડી શકાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે હવે પછીની ક્રાંતિ ફુદરતી સ્ત્રોતોને આધારિત ખેતીમાં જોવા મળશે. આ કાર્યક્રમમાં ખેડૂતો કમ્પોસ્ટ ખાતર બનાવવાની સાચી રીત જોઈને શીખી શકે તે માટે પ્રત્યક્ષ નિદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અભ્યાસના ભાગરૂપે પદયાત્રા દરમિયાન ગામડે ગામડે જઈ ઉકરડાઓનો અભ્યાસ કરી ખેડૂતોને ઉત્તમ પ્રકારનું કમ્પોસ્ટ ખાતર બનાવવાની પદ્ધતિ સમજાવે તેવી રજૂઆત ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલપતિ ઈલાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. અતિથિ વિશેષ તરીકે ડૉ. અનામીકભાઈ શાહ, કુલનાયક અને ડૉ. રાજેન્દ્ર ખીમાણી, રજીસ્ટ્રાર, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લાના ખેડૂત ભાઈઓ અને બહેનો, સેવા સંસ્થાની બહેનો તેમજ ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા કેન્દ્રના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

'હેપ્પી બર્થ ડે ટુ ગાંધીનગર'

શહેરના ૫૨મા જન્મદિવસની તમામ નગરજનોએ હર્ષોલ્લાસથી ઉજવણી કરી હતી. કુડાસણ ખાતેની શ્રીનાથ હોમ્સ સોસાયટીના રહીશોએ રાત્રે ૧૨ કલાકે સોસાસટીના બગીચામાં કેક કાપી પાટનગરનો બર્થ ડે ઉજવ્યો હતો અને હેપ્પી બર્થડે સોંગ ગાયું હતું. સોસાયટીના અગ્રણી રહીશ મનોજ લેઉવા તરફથી સુંદર કેક સ્પોન્સર કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સોસાયટીના અબાલ વૃધ્ધ તમામ રહીશો જોડાયા હતા.

સ્વસ્થ સંબંધો : સ્વસ્થ જીવન અને ઈર્ષાભાવ

એક નિવૃત આઈ.એ.એસ અધિકારી. લગભગ બારેક વર્ષ પહેલા નિવૃત થયા. મારે તેમને ઘણીવાર મળવાનું થાય. જ્યારે પણ તેઓ મળે ત્યારે તાજગીભર્યા લાગે. મુખ ઉપર આકર્ષક સ્મિત હોય. એકદમ સરળ સ્વભાવના અને ખુશ મિજાજી. તેમના ચહેરા ઉપર કે શરીરની ભાષામાં સીતેર વટાવી ગયા છે એવું ક્યારેય ના દેખાય. તેમના સ્મિત અને ખુશ-મિજાજનું રહસ્ય પૂછ્યું તો સુંદર જવાબ મળ્યો. અને તે પણ વિગતવાર. તેમણે કહ્યું કે તેમને બચપણમાં તેમના પિતાએ ચાર અગત્યની શિખામણ આપી હતી. એ ચાર શિખામણનો અમલ કરવા અને જીવનમાં ઉતારવા માટે તેમણે જીવનભર સંનિષ્ઠ પ્રયત્નો કર્યા અને હાલ પણ તે પ્રયત્નો કરી રહ્યા છે. આ ચાર શિખામણમાંની એક અગત્યની શિખામણ એટલે અમારા એક કૌટુંબિક મિત્ર અને સ્નેહી બહેન. તે બહેનના ચહેરા ઉપર પણ હંમેશાં સ્મિત ફરકતું હોય. તેમનાં સૌ સાથે ખૂબ જ સારા સંબંધો. તેમના કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ અને સહ કર્મચારીઓ, સૌ તેમને સન્માન આપે. તેમને પણ તેમનાં આ સુમેળભર્યા સંબંધોના રહસ્ય વિષે પૂછ્યું તો પેલા આઈ.એ.એસ. અધિકારીના પિતાશ્રીની શિખામણ જેવો જ જવાબ આપ્યો - બંનેનો જવાબ એ હતો કે ક્યારેય, કોઈપણ વ્યક્તિની, કોઈપણ પ્રકારની ઈર્ષા ના કરવી, કોઈની કોઈ જ પ્રકારની અદેખાઈ ના કરવી.

પેલા અધીકારી સાથે વિગતવાર વાતચીત કરતાં જાણવા મળ્યું કે પોતાની કારકિર્દી દરમ્યાન તેમણે અનેક ઉચ્ચ હોદ્દાઓ ઉપર કાર્ય કર્યું, કેટલાયે પ્રધાનો, મુખ્ય પ્રધાનો, નેતાઓ અને ઉચ્ચ અધિકાઓ સાથે કાર્ય કર્યું પણ તેમણે જીવનમાં ક્યારેય, કોઈ જ વ્યક્તિ પ્રત્યેની ઈર્ષાને મનમાં પ્રવેશ ના કરવા દીધો. તેમની સાથેના કેટલાક અધિકારીઓ સાથે પણ વાતચીત કરી તો તેમની વાતને સમર્થન મળ્યું. પેલા સ્નેહી બહેનનું પણ એવું જ. ક્યારેક પોતે

સમૂહમાં બેઠા હોય અને કોઈ અન્ય વ્યક્તિઓ કોઈ વિષે ટીકા કરે, કોઈની ઈર્ષા કરી વાતચીત કરે તો તે બહેન તે સમૂહમાથી ઊભા થઈ કોઈ બહાનું કાઢી દૂર ચાલ્યા જાય. તે બહેનના મુખેથી હંમેશા કોઈના વિષે સારા શબ્દો જ નીકળે, કોઈની પ્રસંશાના શબ્દો જ નીકળે અને જ્યાં પ્રસંશાના શબ્દો ના હોય ત્યાં તે મૌન રહે વાનું પસંદ કરે. તેમના વ્યવહારમાં પણ એવું જ. ઈર્ષા કે અદેખાઈ જેવા શબ્દોને તેમના જીવનની શબ્દકોષમાં સ્થાન જ નથી આપ્યું. તેઓ હંમેશા એવું ટાંકતા કહે છે કે 'જેના ભાગ્યમાં, જે સમયે, જે લખ્યું, તેને તે સમયે તે જ પહોંચે'' ઈર્ષા કરવાથી કશું જ પ્રાપ્ત થતું નથી. ઉલટાનું પોતાને જ નુકશાન થાય છે.

ઈર્ષા એક પ્રકારની લાગણી છે. ઈર્ષા કે અદેખાઈ થાય તેની પાછળ એક પ્રકારનો છૂપો ભય રહેલો હોય છે. આ ભય હોય છે અસલામતીનો, કંઈક ગુમાવવાનો, કંઈક નુકશાન થવાનો. આપણને કંઈક મેળવવાની ઈચ્છા થાય, કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, એ આપણને ના મળે પણ બીજી વ્યક્તિને મળે એટલે આપણને ઈર્ષા થાય, અદેખાઈ થાય. ઈર્ષા થાય એટલે આપણે દુઃખી થઈએ, ઈર્ષા થાય એટલે આપણે અસ્વસ્થ રહીએ, ઈર્ષા થાય એટલે આપણને ગુસ્સો આવે. ઈર્ષા થાય એટલે જેના પ્રત્યે ઈર્ષા થાય છે તે વ્યક્તિને નુકશાન પહોંચાડવાની ઈચ્છા થાય અને પરિણામે આપણે તે વ્યક્તિને નીચો દેખાડવા માટે, તે વ્યક્તિની નિષ્ફળતાઓનો ઢંઢેરો પીટવા માટે, તે વ્યક્તિના અવગુણો શોધવા માટે, તે વ્યક્તિને અપમાનિત કરવા માટેના કાવાદાવા સતત આપણાં મનમા રચાતા રહે. આ ઈર્ષાની લાગણીનું લાંબા સમયે ખતરનાક પરિણામ આવી શકે.

સંબંધોની બાબતમાં પણ ઈર્ષાનું એવું જ છે. આપણે સમાજની ઘણીબધી વ્યક્તિઓ સાથે સંબંધો રાખીએ છીએ. આપણે તેઓનું સન્માન કરીએ છીએ. તેઓ જોડે આપણને મમત્વ બંધાઈ ગયું હોય છે. તેઓને આપણે ચાહીએ છીએ. તેઓને આપણે પ્રેમ કરીએ છીએ ને ક્યારેક તેઓ માટે સર્વસ્વ સમર્પણ કરી દેવાની તૈયારી પણ બતાવીએ છીએ. આ પ્રકારના કેટલાક સંબંધો એવા હોય છે જેના ઉપર આપણે આપણો માલીકી હક્ક ભોગવતા હોય. કે તેના ઉપર માલિકીપણા કે માલિકીભાવ હોય શકે. આ માલિકીભાવવાળા સંબંધોમાં જ્યારે પણ આપણને ખતરો દેખાય છે, આપણો માલિકીહક્ક છીનવાઈ જવાની ભીતી લાગે છે ત્યારે ઈર્ષાભાવ જન્મ લે છે. જે વ્યક્તિ આપણો માલિકીહક્ક છીનવી લેતી હોય એવી વ્યક્તિ પ્રત્યે આપણને ઈર્ષા થાય છે. સંબંધોના સમીકરણમાં માલિકીહક્ક અને ઈર્ષાભાવ બહુ સ્વાભાવિક રીતે સ્થાન લઈ લે છે. સંબંધો ઉપરાંત આપણને જોઈતી વસ્તુ, આપણને જોઈતો હોદ્દો, આપણને મળવું જોઈતું માન-સન્માન, આપણને જોઈતી ખ્યાતિ, ઈનામ, પૈસો જે કોઈપણ કારણોસર આપણને ના મળે પણ એ બીજી વ્યક્તિને મળે તો તે વ્યક્તિ પ્રત્યે આપણને ઈર્ષા થાય છે. ઈર્ષા એ કદાચ વ્યક્તિના જીવનનો એક સ્થાયી ભાવ છે.

આપણને થતી ઈર્ષાનું જો સતત આપણે લાલન-પાલન-પોષણ કરતાં રહીએ તો ધીમે ધીમે આ ભાવ આપણી એક આદત કે વ્યસન બની જાય છે. આદત બની જાય પછી તે એક માનસિક રોગમાં પરીવર્તન પામે છે. ઈર્ષા એક રોગના સ્વરૂપે પરીવર્તન થાય પછી તેનો ઈલાજ મુશ્કેલ બની જાય છે. ઈર્ષા એક અસાધ્ય રોગ બની જાય છે.

આપણા ઈર્ષાભાવથી સૌથી વધારે નુકશાન આપણા વ્યક્તિગત સંબંધોને થાય છે. જે વ્યક્તિનાં જીવનમાં ઈર્ષા નામનો રોગ ઘર કરી ગયો હોય તે વ્યક્તિનાં સંબંધીઓ, સ્નેહીઓ અને મિત્રો સમયાંતરે ઓછા થતાં જાય છે અને દુશ્મનો ધીમે ધીમે વધતાં જાય છે. સમયાંતરે એ વ્યક્તિ એકદમ એકલી-અટૂલી પડી જાય છે. ઈર્ષાભાવની ઉધઈ સંબંધોને ધીમે ધીમે કોરી ખાય છે અને જીવનને તહસ-નહસ કરી નાંખે છે.

ઈર્ષા નામના રોગનો ઈલાજ વ્યક્તિ પોતે જ કરી શકે. પોતે જ દર્દી અને પોતે જ દાક્તર. ઈર્ષાના ઈલાજ માટે વ્યક્તિએ પોતે પોતાના ઈર્ષાભાવને ઓળખવો પડે. પોતાના જીવનમાં ઈર્ષાભાવ ઘર કરી ગયો છે એવું વ્યક્તિએ પોતે સ્વીકારવું પડે. વ્યક્તિને પોતાને રોગ છે એવું એ સ્વીકારે જ નહીં તો તેનો ઈલાજ કેવી રીતે થઈ શકે? રોગનો સ્વિકાર કર્યા પછી જ્યારે જ્યારે આપણને કોઈ વ્યક્તિ પ્રત્યે ગુસ્સો, ઘૃણા, નફરતની લાગણી જન્મે તો વિશ્લેષણ કરવું પડે કે આ લાગણીઓ પાછળ એ વ્યક્તિ પ્રત્યેની ઈર્ષા તો નથી ને? જો આ લાગણીઓ પાછળ ઈર્ષાભાવ જ હોય તો તે વ્યક્તિ ના સદગુણો વિષે વિચારી શકાય. તે વ્યક્તિના આપણા પ્રત્યેના સકારાત્મ અભિગમ ને યાદ કરી, તે વ્યક્તિએ આપણને આપેલા સહકાર, મદદ કે પ્રેમ ને લાગણીને યાદ કરીને આપણી નકારાત્મક લાગણીઓને સકારાત્મક લાગણીમાં ફેરવવા પ્રયત્ન કરી શકીએ. આ પ્રક્રિયા મુશ્કેલ છે પણ અશક્ય નથી.

જે વ્યક્તિ ઉપર આપણે માલિકીહક્ક ભોગવતા હોઈએ, તે માલિકીભાવ છીનવાઈ જવાના ડરથી ત્રીજી વ્યક્તિ પ્રત્યે આપણને ઈર્ષા થાય ત્યારે આપણે જે વ્યક્તિને પ્રેમ કરીએ છીએ, જેના ઉપર માલિકીહક્ક ભોગવીએ છીએ, જેના થકી ઈર્ષાભાવ પેદા થાય છે એ વ્યક્તિ ઉપર, એ વ્યક્તિ સાથેના સબંધો ઉપર આપણો સંપૂર્ણ વિશ્વાસ હોય તો ઈર્ષાભાવ ઉત્પન્ન જ ના થાય. સબંધોમાં કહે છે કે વિશ્વાસનો અભાવ એટલે ઈર્ષાનો જન્મ વિશ્વાસ વિનાના સબંધો પણ લાંબો સમય ટકી શકતા નથી.

જે વ્યક્તિના જીવનમાં ઈર્ષાભાવ નથી તે વ્યક્તિનાં સબંધો હંમેશાં સ્વસ્થ હોય છે. વ્યક્તિના જીવનનું સ્વાસ્થ્ય તેના સબંધો ઉપર ટકેલું હોય છે. એટલે એમ કહી શકાય છે સ્વસ્થ જીવન જીવવા માટે જીવનમાંથી ઈર્ષાભાવને હંમેશાં તિલાંજલિ આપીએ.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

'યાદ દાદા-દાદીની'

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫
સ્ક્રીન-૨
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦
સ્ક્રીન-૩
ધી બીએફજી (ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી (ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ (ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦
સ્ક્રીન-૪
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫
સ્ક્રીન-૫
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦

મણિપ્રભુ હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા મણિપ્રભુ હાઈસ્કૂલ, ચાંદખેડા ખાતે જિલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઈ હતી.

આ સ્પર્ધામાં શ્રી પીપીઆર હાઈસ્કૂલ, લીંબોદરાની ધોરણ-૭ની વિદ્યાર્થીની ક્રિના મહેશભાઈ પટેલે ચોથો ક્રમાંક મેળવ્યો હતો અને તેની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. શાળાનું ગૌરવ વધારનાર ક્રિનાને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. વિદ્યાર્થીની અને શિક્ષક બંનેને આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.